# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-01-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુખ્યમંત્રી કચ્છમાં:

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આજે કચ્છની મુલાકાતે છે. ભુજના સ્મૃતિવન ખાતેથી વધુ માહિતી આપે છે અશરફ નથવાણી...

(વોઈસકાસ્ટ)

*(૨૦૦૧ ના વિનાશક ભૂકંપને આગામી 26મી જાન્યુઆરીએ પચ્ચીસ વર્ષ પૂરાં થઇ રહ્યા છે. જેના ઉપલક્ષમાં જીલ્લા મથકમાં સ્મૃતિવન ખાતે આયોજિત બે જુદા જુદા કાર્યક્રમોમાં શ્રી પટેલ હાજરી આપી રહ્યા છે.*

*સ્થાનિક અખબાર દ્વારા આયોજિત સ્મૃતિવંદના કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે કોફી ટેબલ બુકનું વિમોચન, વેબ સીરીઝની પ્રસ્તુતિ, સામુહિક શ્રન્દ્ધાંજલિ, સંગીત કાર્યક્રમ સાથે નૃત્ય નાટિકા, કચ્છના વિકાસમાં યોગદાન આપનાર સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમોનું સન્માન, વગેરેનું આયોજન કરાયું છે. આ પ્રસંગે કચ્છના પ્રભારી મંત્રી કાન્તિલાલ અમૃતિયા, રાજ્ય મંત્રી ત્રિકમ છાંગા, સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રણીઓ અને જય વસાવડા, ગીતાબેન રબારી, પાર્થ તારપરા, પ્રહર વોરા, સંપદા વોરા, વગેરેની વિશેષ પ્રસ્તુતિ પણ યોજાઈ રહી છે.*

*આ પહેલા ભુજ આગમન બાદ સૌ પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આયોજિત શિક્ષાપત્રી દ્વિ-શતાબ્દી મહોત્સવમાં સહભાગી બન્યા હતાં.*

*ત્યારબાદ મુખ્યમંત્રીએ સ્મૃતિવન ઓડીટોરીયમ ખાતેથી ખાનગી એફ એમ ચેનલનું ઉદ્ઘાટન કર્યું હતું.)- અશરફ નથવાણી, આકાશવાણ-ભુજ*

---

## રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી:

દીકરીઓના વિકાસ અને સશક્તિકરણ માટે દર વર્ષે ૨૪ જાન્યુઆરીએ ઉજવાતા 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' અંતર્ગત જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષ સ્થાને સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી દીકરીઓને 'એજ્યુકેશન કિટ' અને 'વ્હાલી દીકરી યોજના'ના લાભાર્થીઓને મંજૂરી હુકમો તથા વધામણા કિટ એનાયત કરવામાં આવી હતી.

કલેક્ટર આનંદ પટેલે દીકરીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું કે, માત્ર ડિગ્રી પૂરતું મર્યાદિત ન રહી કૌશલ્ય  વિકસાવવું અનિવાર્ય છે. તેમણે સોશિયલ મીડિયાનો રચનાત્મક ઉપયોગ કરવા અને સામાજિક કુરિવાજો સામે અવાજ ઉઠાવવા અપીલ કરી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દીકરીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## નાની ખાખર સોલાર વિલેજ:

અદાણી ફાઉન્ડેશન દ્વારા માંડવી તાલુકામાં આવેલા નાની ખાખર ગામને સંપૂર્ણ સોલાર વિલેજ તરીકે વિકસાવવાના અભિયાનનું ખાતમુહૂર્ત કરાયું હતું. અદાણી ગ્રુપ દ્વારા અગાઉ કચ્છમાં જ ધ્રબ અને ભોપાવાંઢ ગામોને સોલાર વિલેજ તરીકે વિકસાવવામાં આવ્યા છે. આ સફળતા બાદ નાની ખાખર આ શ્રેણીમાં ત્રીજું ગામ બની રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગામના તમામ ઘરોને અદ્યતન સોલાર ઊર્જા પ્રણાલીઓથી સજ્જ કરવામાં આવશે. આ કાર્યક્રમ પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ગામવાસીઓના સહયોગ અને સરકારી સમર્થનથી નાની ખાખરને મોડલ વિલેજ તરીકે વિકસાવવાનું મહત્ત્વપૂર્ણ પગલું છે. કાર્યક્રમમાં ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેએ જણાવ્યું કે,આ પ્રોજેક્ટ ગ્રામીણ વિસ્તારોમાં ટકાઉ ઊર્જાને મજબૂત બનાવશે અને પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપશે.

---

## ગાંધીધામમાં વિકાસ કામ:

**ગાંધીધામના મુંદરા સર્કલ ખાતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગાંધીધામ મહાનગર વિસ્તારમાં વિવિધ વિકાસકામોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીધામ - આદિપુરને જોડતા ટાગોર રોડનું 26 કરોડના ખર્ચે રિસર્ફેસિંગનું કામ, ગાંધીધામના મુંદરા સર્કલથી શિણાય સુધીના માર્ગનું 16 કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કામ તથા મીઠીરોહરથી ચૂડવા રોડ તથા જવાહરનગર અંકુર વે બ્રિજથી પડાણા સુધીના રસ્તાનું કામ રૂા. 3.40 કરોડના ખર્ચે પ્રકલ્પનું સાંસદ વિનોદભાઈ ચાવડા તથા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.**

---

## કચ્છમાં ઠંડી:

જિલ્લામાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં થઇ રહેલી અવિરત હિમવર્ષાની સીધી અસર કચ્છમાં પડી છે. ખાસ કરીને બર્ફીલા પવનોના કારણે ઠારની તીવ્રતામાં વધારો થતા જનજીવનને અસર પહોંચી છે. નલિયામાં માત્ર 24કલાકના ટૂંકા ગાળામાં લઘુત્તમ તાપમાનનો પારો સાત ડીગ્રી જેટલો ગગડ્યો છે. હવામાન વિભાગના આંકડા અનુસાર આજે નલિયામાં 5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું છે. જિલ્લા મથક ભુજમાં પણ તાપમાનનો આંકડ સિંગલ અંકમાં પહોંચ્યું છે. ભુજમાં આજે લઘુત્તમ તાપમાન 9.8 ડિગ્રી અને કંડલામાં 12 ડિગ્રી તાપમાન નોંધાયું છે. દિવસ દરમિયાન ફૂંકાયેલા પવનોના કારણે લોકો દિવસે પણ ગરમ કપડા પહેરી રાખવા મજબૂર બન્યા છે. ઠંડીના કારણે મોડી સાંજથી રસ્તઓ પર લોકોની અવરજવર ઘટી છે, અને ઠંડીથી બચવા માટે લોકોએ બિનજરૂરી કારણોસર ઘરની બહાર નીકળવાનુ ટાળ્યું હતું. આગામી દિવસોમાં પણ ઠંડીનું જોર હજુ યથાવત રહેવાની શક્યતા જણાઇ રહી છે.

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 130મી કડી હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. જ્યારે મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન સાંજે 5 વાગીને 12 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

----------------------------------------------------------------------------------------------------